## જન્મદિને વધામણી


**શાંતિલાલ ઘોઘારી**
વેપારી અગ્રણી (રાજધાની હાર્ડવેર)
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૦ ૩૩૭૪૦


**કાંતિભાઈ વી સુથાર**
સિદ્ધેશ્વરી વૂડન વર્ક્સ
મો. ૯૫૫૮૧૪૭૬૪૪


**મોનિકા પટેલ**
મો. ૭૩૮૩૩૯૦૪૬૯

# સ્કૂલ ઑફ ઍચિવરમાં 'સંબંધોનું સરોવર' છલકાયું





ગાંધીનગર, તા. ૯
સ્કૂલ ઑફ ઍચિવર, કુડાસણ ખાતે સ્કૂલની વિશિષ્ટ વિચારધારા પ્રેરિત એક સુંદર કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.

ગીત-સંગીત મઢ્યા આ કાર્યક્રમનું શીર્ષક હતું 'સંબંધોનું સરોવર.'

સ્કૂલની માનવ સંપદારૂપ વિદ્યાર્થી, કર્મચારી, વાલી, સમાજ અને મૅનેજમૅન્ટની વચ્ચે મધુર સંબંધોનો નિર્વાહ થાય તે હેતુથી સંબંધોને કેન્દ્રમાં રાખી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રંગત ગૃપના નરેશ શાહ, સમર્પયામી ઍન્ટરટેઈનટમેન્ટના સંજય ઓઝા તથા પ્રસિદ્ધ કવિ તુષાર શુક્લની પરિકલ્પનાથી યોજાયેલ આ કાર્યક્રમમાં માનવ સંબંધોને કેન્દ્રમાં રાખી ડૉ. પાર્થ ઓઝા, સંજય ઓઝા, દર્શના ગાંધી, ડૉ. પાયલ વખારિયાના કંઠે સુમધુર ગીતો રજૂ થયાં હતાં. કાર્યક્રમને સૂત્રધારત્વ તુષાર શુક્લએ બક્ષ્યું હતું.

શરૂઆતમાં માણસના ઈશ્વર સાથેના અતૂટ સંબંધથી શરૂ કરી વૈયક્તિક પ્રેમ સંબંધો પર આધારિત રજૂ થયેલાં ગુજરાતી-હિન્દી ગીતોને પ્રેક્ષકો-શ્રોતાઓએ મન ભરીને માણ્યાં હતાં. વ્યક્તિને સમષ્ટિ સુધી લઈ જઈ અંતે પુનઃ વ્યક્તિને ઈશ્વર સાથે સાંકળી ગીત દ્વારા કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

સુગમ સંગીતનો આ કાર્યક્રમ વિશિષ્ટ રીતે રજૂ થતાં ચાહકોની ભરપૂર પ્રશસ્તિ પામ્યો હતો.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
જય ગંગાજલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
લંડન હૅઝ ફૉલન (અંગ્રેજી)
૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦
લંડન હૅઝ ફૉલન (હિન્દી)
૧૨.૦૦, ૪.૦૦, ૮.૦૦
**સ્ક્રીન-૪**
ઝુબાન
૨.૩૦, ૧૦.૦૦
ફિલ્લમ (ગુજરાતી)
૫.૦૦
**સ્ક્રીન-૫**
નીરજા
૧.૦૦, ૩.૪૫, ૬.૪૫,
૯.૪૫
જય ગંગાજલ
સવારે ૧૦.૦૦

## બલરામ મંદિર ખાતે ૧૧ માર્ચથી રામાયણ કથા

ગાંધીનગર, તા. ૯
યોગી ડિવાઈન સંસ્થા દ્વારા બલરામ મંદિર, સૅક્ટર-૧૨ ખાતે આગામી તા. ૧૧ માર્ચથી રામાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી સ્વામીનારાયણ સંસ્થાના પૂ. હરિપ્રસાદ સ્વામી તથા હરિધામના વિદ્વત સંત પૂ. બ્રહ્મવિહારી સ્વામી કથાનું રસપાન કરાવશે. તા. ૧૧ માર્ચથી ૧૩ માર્ચ સુધી રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦ દરમ્યાન આ કથાનું આયોજન કરવામાં આવ્યું છે એમ જણાવી સંસ્થાના કાર્યકર નટુભાઈ કે દરજીએ સૌ ભાવિકો-ભક્તોને આ કથાનું શ્રવણ કરવા માટે આમંત્રણ આપ્યું છે.

# શાંતિ જુનિયર્સ પ્રિ સ્કૂલનો વાર્ષિકોત્સવ ટાઉનહૉલમાં ઉજવાયો



### ત્રણ શાખાઓ : સૅક્ટર-૪ એ, કુડાસણ અને સરગાસણના વિદ્યાર્થીઓ જોડાયા

ગાંધીનગર, તા. ૯
શાંતિ જુનિયર્સ પ્રિ સ્કૂલ દ્વારા વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

મહાશિવરાત્રીના દિવસે ટાઉનહૉલ, ગાંધીનગર ખાતે આયોજિત કાર્યક્રમમાં શાંતિ જુનિયર્સની ત્રણ શાખાઓ : સૅક્ટર-૪ એ, કુડાસણ અને સરગાસણના વિદ્યાર્થીઓ જોડાયા હતા, જેમણે ઉત્સાહપૂર્વક વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.

કાર્યક્રમની શરૂઆત શાળાના જ વિદ્યાર્થીઓના ગ્રાન્ડપૅરેન્ટ્સ દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. બાળકો દ્વારા થયેલી પ્રાર્થના અને શ્લોકથી વાતાવરણ પવિત્ર બની ગયું હતું. બાળકોની કૃતિઓને વાલીઓ, અતિથિઓ દ્વારા સરાહવામાં આવી હતી. કાર્યક્રમના અંતે બાળકોને ઈનામો આપીને પ્રોત્સાહિત પણ કરવામાં આવ્યાં હતાં. સૌએ કાર્યક્રમને વખાણ્યો હતો.

# આધ્યાત્મિક ગુરુ ફૂલચંદભાઈ શાસ્ત્રી ૧૩મીથી ૧૭મી માર્ચ ગાંધીનગરમાં



ગાંધીનગર, તા. ૯
શ્રીમદ રાજચંદ્રજીના આત્મસિદ્ધિ શાસ્ત્રને દુનિયામાં પહોંચાડવાનું ઉમદા કાર્ય કરી રહેલા આધ્યાત્મિક ગુરુ ફૂલચંદભાઈ શાસ્ત્રી આગામી ૧૩મી માર્ચના રોજ ગાંધીનગર પધારી રહ્યા છે, જેને પગલે અધ્યાત્મપ્રેમીઓનાં મનમાં અત્યારથી જ રોમાંચનો સંચાર થઈ રહ્યો છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ એવા શ્રીમદ રાજચંદ્રજી દ્વારા રચિત આત્મસિદ્ધિ શાસ્ત્રને દુનિયાનાં ૧૪૨ દેશોની ૪૧૫ ભાષાઓમાં અનુવાદ કરીને તેને સંબંધિત દેશોનાં સ્થાનિક પુસ્તકાલયોમાં અર્પણ કરવાનું અદ્‌ભૂત કાર્ય ફૂલચંદભાઈ શાસ્ત્રી કરી રહ્યા છે. વિશ્વનાં ૧૪૨ દેશોમાં એશિયાના ૪૨, આફ્રિકાના ૩૬, યુરોપના ૩૦, ઉત્તર અમેરિકાના ૧૪, દક્ષિણ અમેરિકાના ૧૦ અને ઓશિઆનિયાના ૧૦ દેશોનો સમાવેશ થાય છે. ફૂલચંદભાઈએ ૧૪ વર્ષની અલ્પવયથી અત્યાર સુધી લગભગ ૨૭ હજાર કલાકથી વધુ પ્રવચનો આપ્યાં છે, ૩૫ પુસ્તકોની રચના દ્વારા શ્રીમદ રાજચંદ્રજી તથા મહાત્મા ગાંધીજી પ્રતિપાદિત સત્ય અને અહિંસાના સિદ્ધાંતોનો પ્રચાર-પ્રસાર કર્યો છે. 'આધ્યાત્મિકતા પહેલાં માનવતા' સૂત્રને આધાર બનાવીને વિશ્વભરમાં ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનો પરિચય આપનાર ભાષાલબ્ધિધારી ૩૪ વર્ષીય ફૂલચંદભાઈ શાસ્ત્રી દેશ-વિદેશની ૧૮ ભાષાઓના જાણકાર છે. તેઓ દેશ સહિત વિશ્વના લગભગ ૪૫ દેશોની યાત્રા કરીને વિવિધ શાળા, વિશ્વવિદ્યાલય, મંદિર, મસ્જિદ, ચર્ચ, બુદ્ધવિહારા તથા અનેક જેલમાં આધ્યાત્મિક પ્રવચનો દ્વારા પ્રેમ, કરૂણા અને માનવતાનો સંદેશ પહોંચાડી રહ્યા છે. સર, ઈન્ટરનેશનલ મલ્ટીલિન્ગ્યુઅલ, ન્યમરોલૉજીસ્ટ ઑફ સાઉથઈસ્ટ એશિયા વગેરે અનેક ઍવોર્ડ્સથી સન્માનિત ફૂલચંદભાઈનો સત્સંત પામીને વિશ્વભરમાં જેલના કેદીઓ સહિત ૪ હજારથી વધુ લોકોએ સ્વેચ્છાએ માંસાહાર છોડી શાકાહારમાં પરિવર્તન કર્યું છે. શ્રીમદ રાજચંદ્રજી અને મહાત્મા ગાંધીજીના સત્ય અને અહિંસાના સિદ્ધાંતોને વિશ્વભરમાં ફેલાવનાર આત્મસિદ્ધિ શાસ્ત્ર મિશન - કારતક સુદ પૂનમ, ૪ નવેમ્બર, ૨૦૧૭ના શુભ દિને શ્રીમદ રાજચંદ્રજીના ૧૫૦મા જન્મદિને સફળ થશે. ગાંધીનગરમાં ફૂલચંદજી ૧૭ માર્ચ સુધી રોકાણ કરશે.

## ગાંધીનગર ડિવિઝન ડાકઘર ખાતે ૨૯મીએ ડાક અદાલત યોજાશે

ગાંધીનગર, તા. ૯
સુપ્રિટેન્ડન્ટ ઑફ પોસ્ટ ઑફિસીસ, ગાંધીનગર ડિવિઝન, સૅક્ટર-૧૧ ખાતે આગામી તા. ૨૯ માર્ચના રોજ સવારે ૧૧.૩૦ કલાકે ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર વિભાગ ડાકઘરના પ્રવર અધિક્ષક દ્વારા આ અંગેની વિગતો આપતાં જણાવવામાં આવ્યું છે કે આ ડાક અદાલતમાં ટપાલ સેવાઓની લગતી ફરિયાદો સાંભળવામાં આવશે.

આ અંગે પોતાની ફરિયાદો નાગરિકો સિનિયર સુપ્રિટેન્ડન્ટ ઑફ પોસ્ટ ઑફિસિસ, ગાંધીનગર ડિવિઝન, સૅક્ટર-૧૧ને મોડામાં મોડી તા. ૧૮ માર્ચ, ૨૦૧૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલી શકે છે. નિર્ધારિત સમય મર્યાદા બાદ મળેલી ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ફરિયાદ સ્પષ્ટ, મુદ્દાસર તેમજ એક જ વિષય પર હોવી જોઈએ. નીતિવિષયક ફરિયાદોનો આ ડાક અદાલતમાં ધ્યાને લેવામાં આવશે નહીં એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

### શ્રી મુક્તજીવન સ્વામીબાપા આર્ટ્સ કૉલેજ, વાઘજીપુર અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે

# ગુજરાતી નવલિકામાં નારી સંવેદના વિષયે રાજ્યકક્ષાનો સેમિનાર





### "શ્રી સ્વામીનારાયણ ભગવાને માતૃત્વને મહામૂલું ગણાવ્યું હતું અને નારીને સમાજનું એક અવિભાજ્ય અંગ જણાવી હતી"

ગાંધીનગર, તા. ૯
શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિમંદિર, વિશ્વ શાંતિ કેન્દ્રના રજત મહોત્સવ ઉપક્રમે શ્રી સ્વામીનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીની આજ્ઞા અન્વયે શ્રી મુક્તજીવન સ્વામીબાપા આર્ટ્સ કૉલેજ, વાઘજીપુર અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે વાઘજીપુર કૉલેજ ખાતે ગુજરાતી વિભાગ દ્વારા 'અંનુ આધુનિક ગુજરાતી નવલિકામાં નારી સંવેદના' વિષયે રાજ્યકક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેમિનારનું ઉદ્‌ઘાટન ભગવતપ્રિયદાસજી સ્વામી, યોગપ્રિયદાસજી સ્વામીના હસ્તે કરવામાં આવ્યું હતું. ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર મનોજભાઈ ઓઝા, ડૉ. મણિલાલ પટેલ, વિનોદભાઈ ગાંધી, ડૉ. અજયસિંહ, ડૉ. પુંડલીક પવાર, ડૉ. કુમાર જૈમિનીશાસ્ત્રી, ડૉ. હિતેન્દ્ર જોષી, ડૉ. ગિરીશભાઈ ચૌધરી, અશોકભાઈ બારીયા વગેરે મહાનુભાવો તથા અધ્યાપકો, તેજસ્વી વિદ્યાર્થીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા,.

ભગવતપ્રિયદાસજીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે શ્રી સ્વામીનારાયણ ભગવાને નારી ઉત્થાન માટે સદીઓ પહેલાં સ્વતંત્રતા પ્રાપ્ત થાય તે માટે વહીવટ આપ્યો અને શિક્ષણ પ્રાપ્ત કરે તે માટેની અનેક જોગવાઈઓ કરી હતી. તેમણે માતૃત્વને મહામૂલું ગણાવ્યું હતું અને નારીને સમાજનું એક અવિભાજ્ય અંગ જણાવી હતી.

# શહેર વસાહત મહામંડળના ઉપક્રમે ૧૪મી માર્ચે અસ્થિ વિસર્જન કાર્યક્રમ

### શનિવારે સવારે ૯ કલાકે અંતિમધામ ખાતે સદ્‌ગત આત્માઓની શાંતિ અર્થે પ્રાર્થના સભા : સ્નેહીજનોનો ઉપસ્થિત રહેવા અપીલ

ગાંધીનગર, તા. ૯
ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ૧૯૯૬થી નિઃશુલ્ક અસ્થિ વિસર્જન સેવા શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચના સાંનિધ્યમાં ચાલી રહી છે.

અંતિમ ધામ ખાતે રાખવામાં આવેલા અસ્થિકુંભ લઈને ૧૨મી માર્ચ ને શનિવારે શહેર વસાહત મહામંડળના નિઃસ્વાર્થ સેવક ઉદયભાઈ ત્રિવેદી હરિદ્વાર ખાતે જશે અને સદ્‌ગત આત્માઓનાં અસ્થિ પવિત્ર ગંગા નદીમાં વિધિપૂર્વક તા. ૧૪મી માર્ચના રોજ સવારે વિસર્જિત કરવામાં આવશે.

શનિવારે સવારે ૯ કલાકે સદ્‌ગત આત્માઓના આત્માની શાંતિ અર્થે અંતિમધામ ખાતે પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું છે. સદગતનાં સ્નેહીજનોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવી છે. જે નાગરિકો પ્રાર્થના સભામાં ઉપસ્થિત ન રહી શકે તેઓ સવારે દસ કલાકે રેલવે સ્ટેશને વિદાય આપવા પણ ઉપસ્થિત રહી શકે છે એમ અરૂણભાઈ બુચે આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# આરોગ્ય સુરક્ષાનાં સાધનો પરત કરવા જુસિકાની અપીલ

### સાધનોનો વપરાશ રિન્યુ કરાવી લેવા ને ઉપયોગ પૂર્ણ થયો હોય તો પરત કરવા સંસ્થાની વિનંતી

ગાંધીનગર, તા. ૯
જુનિયર સિટિઝન કાઉન્સિલ, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલાં આરોગ્ય સુરક્ષાનાં સાધનો પરત કરવા માટે નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે તા. ૧ એપ્રિલ, ૨૦૧૪થી તા. ૩૧ માર્ચ, ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોગ્ય સુરક્ષાનાં સાધનો ડિપોઝીટ આપીને વપરાશ માટે નાગરિકો લઈ ગયા છે, તેમાં વૉકર, ટૉઈલેટ ચૅર, ટેબલ, વ્હીલચૅર, સ્ટીક, વૉટરબેડ, ઍરબેડ, બ્રેક રેસ્ટ, ઑક્સિજન સિલિન્ડર વગેરે સાધનોનો સમાવેશ થાય છે.

આ સાધનોનો વપરાશ નિયત સમયમર્યાદામાં રિન્યુ ન કરાવ્યો હોય તો કરાવી લેવા અને સાધનોનો ઉપયોગ પૂર્ણ થઈ ગયો હોય તો તે પરત આપી જેવા માટે સંસ્થા દ્વારા વિનંતી કરવામાં આવી છે. જો સમયસર આ સાધનો પરત નહીં કરવામાં આવે તો ડિપોઝીટ જપ્ત લેવામાં આવશે એમ આ યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે.


# કિસ કામ કી યે દુનિયા, જો ઝીંદગી સે ખેલે

ચલે આજ તુમ જહાં સે
હુઈ ઝીંદગી પરાઈ
તુમ્હેં મિલ ગયા ઠીકાના
હમેં મૌત ભી ન આઈ...
ઓ દૂર કે મુસાફિર
હમકો ભી સાથ લે લે
હમ રહ ગયે એકેલે
તુને હમેં દિયા ગમ
બે મૌત મર ગયે હમ
દિલ ઉઠ ગયા જહાં સે

લે ચલ હમે યહાં સે
કિસ કામ કી યે દુનિયા
જો ઝીંદગી સે ખેલે
હમ કો ભી સાથ લે લે
હમ રહ ગયે અકેલે...
સૂની હૈ દિલ કી રાહેં
ખામોશ હૈ નિગાહેં
નાકામ હસરતોં કા
ઉઠને કો હે જનાઝા

ચારોં તરફ લગે હૈં
બરબાદીઓં કે મેલે
હમ કો ભી સાથ લે લે
હમ રહ ગયે અકેલે...






**ગીત-સંગીતની દુનિયા**
ભાર્ગવ હરનારાયણ ભટ્ટ

૧૯૬૦થી શરૂ થયેલા દસક માટે મહંમદ રફીનું ગાયક તરીકે એકચક્રી શાસન હતું. દિલીપકુમાર, દેવ આનંદ, શમ્મીકપૂર, રાજેન્દ્રકુમાર, જોય મુખર્જી, ધર્મેન્દ્ર, શશી કપૂર અને રાજકુમારનાં ગીતો રફીના કંઠમાં જ શોભતાં. જિંદગીભર દારૂને ન અડકનાર રફી સાહેબ જ્યારે ફિલ્મ લીડર અને કાજલ માટે શરાબી તરીકેનાં ગીત ગાતા એ તેમની ગાયકીનો કમાલ હતો. ફિલ્મોમાં દરેક મૂડનાં ગીતો તેમણે ગાયાં છે. ગીત શાસ્ત્રીય રાગ ઉપર આધારિત હોય, મસ્તીનું ગીત હોય, કરૂણ રસનું ગીત હોય, યુગલ ગીત હોય, રફીએ બધાં જ મૂડનાં ગીતો સરળતાથી ગાયાં છે.

ફિલ્મ શ્રી ૪૨૦માં 'રમૈયા વસ્તાવૈયા' ગીતના અંતમાં તાન તો રફી જ ગાઈ શકે. બૈજુ બાવરાના યુગલ ગીતમાં શકીલ બદાયુનીએ લખ્યું છે કે 'મેરી તાન સે ઊંચા તેરા ઝુલના ગોરી'.

હકીકતમાં તાન લેવી કેટલી અઘરી છે તે તો ગાયકીના ક્ષેત્રમાં પડેલા ગાયકો જ જાણે છે. ૧૯૮૦ના વર્ષમાં પવિત્ર રમઝાન માસમાં અમર ગાયક મહંમદ રફી સાહેબનો સ્વર અનંતની યાત્રાએ ચાલ્યો ગયો. આજે આટલાં વર્ષો પછી પણ એકપણ દિવસ એવો નથી ગયો કે રેડિયો અથવા ટીવીના કાર્યક્રમોમાં રફીએ ગાયેલું ગીત ન આવ્યું હોય.

# આરાધના વિદ્યાવિહાર ખાતે પરીક્ષાઓનો શાંતિપૂર્ણ આરંભ

ગાંધીનગર, તા. ૯
આરાધના વિદ્યાવિહાર, સૅક્ટર-૨૮ ખાતે છેલ્લાં ૩૦ વર્ષથી શાંતિપૂર્ણ વાતાવરણમાં ઍસઍસસી અને ઍચઍસસીની બૉર્ડની પરીક્ષાઓ લેવામાં આવે છે.

સીસીટીવી કૅમેરાની નજર હેઠળ શાળાના અદ્યતન વર્ગખંડોમાં પૂરતી વ્યવસ્થા અને શાંતિપૂર્ણ વાતાવરણ વિદ્યાર્થીઓની સારી પરીક્ષા માટે તદ્દન અનુકૂળ છે. ૩૦ વર્ષમાં ક્યારેય કોઈપણ પ્રકારની ફરિયાદ પરીક્ષાર્થી, વાલી કે સત્તાતંત્ર દ્વારા થઈ નથી.

બૉર્ડની કામગીરીમાં આરાધના વિદ્યાવિહારના સંચાલક તથા સંપૂર્ણ શાળા પરિવાર સહકારભર્યું વલણ રાખી પરીક્ષા કામગીરી બજાવે છે. આ વખતે પણ આવા જ શાંત વાતાવરણમાં પરીક્ષાનો પ્રારંભ થયો છે ને પરીક્ષાર્થીઓ શાંતિપૂર્વક પરીક્ષા આપી રહ્યા છે.